|| ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ શંકરાય નમ: || (૩૦).

## શિવસ્વરૂપ શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

શંકર એટલે શંકરતિ ઇતિ શંકર:| (શં એટલે સુખ) એટલે જે સુખકર્તા છે તે શંકર, જે આપણને આનંદ અને વૈભવ પ્રદાન કરે છે અને સાઈ એટલે સાક્ષાત ઈશ્વર. એટલે ભગવાન શ્રી સત્યસાઈ એ સુખકર્તા સાક્ષાત ઈશ્વર છે.

બાળપણથી જ શ્રી સત્યનારાયણને પોતાના કપાળ ઉપર વિભૂતિનો આડો પટ્ટો દોરવાની ટેવ હતી. એટલું જ નહીં, પણ આ નાનો બાળક તેની મોટી બહેન પાસે જીદ કરીને આ વિભૂતિના પટ્ટાની અંદર કંકુનું તિલક કરવાનું કહેતો. જ્યારે પણ આ પટ્ટો ભૂંસાઈ જાય અથવા તિલક ભૂંસાઈ જાય, ત્યારે તરત જ ફરી તે લગાવવા માટે બાળ સત્યનારાયણ જીદ કરતો. પરંતુ વિભૂતિ એ શિવનું અને કંકુએ શક્તિનું પ્રતીક હોવાનું ઘણા વર્ષો પછી બધાને સમજયું.

એકવાર ૧૯૪૦ માં હમ્પીના વિરૂપાક્ષ મંદિરમાં શિવલિંગની જગ્યાએ પોતાનું રૂપ દર્શાવીને ભગવાન બાબાએ પોતે અને વિરૂપાક્ષ એક જ છે, તે સર્વપ્રથમ બધાને બતાવ્યું. એટલું નહીં, પણ જ્યારે પ્રશાંતિ મંદિરનો પાયો ખોદવાનું કામ ચાલુ હતું, ત્યારે જમીનમાંથી અસંખ્ય થાળા મળ્યા. આ જેતા જ તેની ઉપરના શિવલિંગ ક્યાં છે? એવું કોઈએ પૂછતાં બાબાએ સ્મિત કરીને પોતાના પેટ તરફ હાથ કર્યો (દર્શાવ્યો). આનો અર્થ તે વખતે કોઈને સમજાયો નહીં. પરંતુ જ્યારે મહાશિવરાત્રીને દિવસે લિંગોદ્ભવ થવા લાગ્યો, ત્યારે તેનું રહસ્ય ખૂલ્યું.

શિવને વિભૂતિ અત્યંત પ્રિય. પરમપિતા શિવ પોતાના સર્વાંગ વિભૂતિ લગાવે છે તેથી તેમને વિભૂતિભૂષણ એમ પણ સંબોધાય છે. પોતાના શિરડી અવતારમાં સાઈએ, યોગ શક્તિ દ્વારા અગ્નિ પ્રજ્વલિત કર્યો અને અખંડ ધૂણી સળગાવી. જેમાંની વિભૂતિ (રક્ષા) તે પ્રસાદ તરીકે બધાને આપતા. આજે ભગવાન શ્રી સત્યસાઈ, પરમ પવિત્ર એવી વિભૂતિ ઉદ્ભવ કરી પોતાના ભક્તોને આપે છે.

ભગવાન શ્રી સત્યસાઈના શિવરૂપ વિશેની આ એક કથા. એક ધર્મતત્પર દંપતીને ત્યાં સંતાન ન હોવાથી ભગવાન દત્તાત્રેયની ઉપાસના કરી. તે સ્ત્રીએ દત્તગુરુને પ્રસન્ન કર્યા. આ વાતની જેમને

ખબર હતી તેમણે બધાએ તત્કાલીન સપુરુષોના આશીર્વાદ લેવાનું તેને સૂચવ્યું. (આગ્રહ કર્યો, પરંતુ જે વ્યક્તિ મને ઈશ્વરના રૂપમાં દર્શન દેશે, તે જ મારા ગુર, એવો નિશ્ચય તે સ્ત્રીએ કર્યો હતો. એકવાર તે સ્ત્રીનો પતિ ગંભીર વ્યાધિથી બીમાર થઈને હોસ્પિટલમાં દાખલ થયો હતો. તે વખતે સ્વપ્નમાં શ્રી સત્યસાઈએ તેને દર્શન આપીને પુટ્ટપર્તિ બોલાવી લીધા. જ્યારે તે બન્ને પુટ્ટપર્તિ ગયા, ત્યારે પહેલી જ મુલાકાતમાં તે સ્ત્રીને સ્વામીએ, ' ભાલપ્રદેશે (કપાળ) અર્ધચંદ્ર, માથે શુભ ગંગા, સર્વાંગે ચિતાભસ્મ ' એવા જટાધારી સ્વરૂપનું દર્શન કરાવ્યું અને પછીના આયુષ્યમાં આ સાઈશંકર તેમને સુખકર થયા.

એવા આ સાઈશંકરના દર્શનથી આપણા સર્વ પાપ ધોવાઈ જાય છે અને તેમનો ચરણસ્પર્શ મળતા જ આપણે કર્મબંધનમાંથી મુક્ત થઈ જઈએ છીએ. ભગીરથે તપશ્ચર્યા કરીને સ્વર્ગમાંની ગંગા પૃથ્વી પર અવતારી) લાવી. તેના પ્રચંડ પ્રવાહથી પૃથ્વીનું સંતુલન ન જાય એટલે ભગવાન શિવે પહેલા તેને પોતાની જટામાં ઝીલી અને ત્યાર પછી તે પૃથ્વી પર વહેવા લાગી. સર્વ (સમસ્ત) પ્રજા સુખી થઈ. આજે સાઈ શંકરે ભારતની જનતા સુખી થાય એટલા માટે અનેક જગ્યાએ સત્યસાઈ પેયજલ પ્રકલ્પ શરૂ કર્યા હોવાથી ત્યાંની જનતા ખરેખર સુખી થઈ છે.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||